શિક્ષણ ઉપકરની વસુલાત પેટે મહાનગર-
પાલિકા/નગરપાલિકાઓને આપવામાં
આવતા સહાયક અનુદાનના ધોરણો
સુધારવા બાબત.

---

ગુજરાત સરકાર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃજીઆઈએ/૧૧૯૨/૯૯૭/ર,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :-૧૫/૧૦/૯૨

વંચાણમાં લીધા :-

(૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃસઉઅ/
૧૦૮૭/૫૦૨૭/ર, તા.૧૫/૧૦/૮૭.

(૨) ઉચ્ચ કક્ષાની સમિતિનો આખરી અહેવાલ.

(૩) સત્તાધિકૃત સમિતિનો અહેવાલ.

આમુખ :-

સને ૧૯૬૨ ના ગુજરાત શિક્ષણ ઉપકર અધિનિયમની કલમ -૧૨ હેઠળ પહેલી ઓગષ્ટ -૧૯૬૨ થી શહેરી વિસ્તારમાં આવેલી જમીનો અને મકાનો ઉપર વેરો વસુલ લેવામાં આવે છે. જ્યાં આવી જમીનો અને મકાનો ઉપર મહાનગરપાલિકા, નગરપાલિકા, નગરપંચાયત, મિલકતવેરો લેતી હોય તો સને ૧૯૬૨ ના ગુજરાત શિક્ષણ ઉપકર અધિનિયમની કલમ -૧૨ અન્વયેનો વેરો જે તે નગરપાલિકા, નગરપંચાયત, કે મહાનગરપાલિકાએ વસુલ કરવાનો રહે છે અને જ્યાં કોઈ નગરપંચાયત, નગરપાલિકા કે મહાનગરપાલિકાએ મિલકતવેરો નાંખ્યો ન હોય તો આ વેરો જે તે જિલ્લા કલેકટર મારફતે વસુલ કરવામાં આવે છે. જ્યાં મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ કે નગરપંચાયતો સરકાર વતી આ વેરાની વસુલાત કરે અને પ્રાથમિક શિક્ષણની જવાબદારી સંભાળતી હોય તેવી સ્થાનિક સંસ્થાને રાજ્ય સરકાર તરફથી મહાનગરપાલિકા, નગરપાલિકાઓને ૫૦ ટકા પ્રમાણે સહાયક ગ્રાન્ટ આપવામાં આવે છે. અને નગરપંચાયતોને ૫ ટકા રીબેટ આપવામાં આવે છે. નગરપાલિકા વિસ્તારની શિક્ષણની જવાબદારી સંભાળતી જિલ્લા પંચાયતને ૨૮ ટકા ગ્રાન્ટ આપવામાં આવે છે. રાજ્યની સ્થાનિક સંસ્થાઓના આર્થિક પ્રશ્નો તપાસવા અગ્રસચિવશ્રી, નાણાં વિભાગના અધ્યક્ષપદે સરકાર એક ઉચ્ચકક્ષાની સમિતિની નિયુક્તિ કરેલ. આ સમિતિએ સરકારને પોતાનો આખરી અહેવાલ રજૂ કરેલ છે. આ

અહેવાલમાં કરવામાં આવેલ ભલામણો અંગે નિર્ણયો આપવા માટે સરકારે સત્તાધિકૃત સમિતિની રચના કરેલ અને સત્તાધિકૃત સમિતિના અહેવાલમાંની ભલામણો પરત્વે પુખ્ત વિચારણાના અંતે મહાનગરપાલિકા / નગરપાલિકાઓ/ નગરપંચાયતોને આપવાના અનુદાનોના ધોરણોમાં સુધારો કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કરેલ છે.

ઠરાવ :-

સને ૧૯૯૨-૯૩ ના નાણાકીય વર્ષથી રાજ્યની મહાનગરપાલિકા/ નગરપાલિકા/ નગરપંચાયતોને શિક્ષણ ઉપકરની જમા કરાવેલ વસુલાત પેટે નીચે મુજબના ધોરણો પ્રમાણે અનુદાન આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) પ્રાથમિક શિક્ષણની જવાબદારી સંભાળતી મહાનગરપાલિકા કે નગરપાલિકાને નીચે મુજબ અનુદાન આપવાનું રહેશે.

અધિકૃત તમામ વર્ગની નગરપાલિકાઓના કિસ્સામાં.

| શિક્ષણ ઉપકરના કુલ માંગણાની જમા કરાવેલ વસુલાત | મળવાપાત્ર શિક્ષણ ઉપકરની ગ્રાન્ટ. |
|---|---|
| ૧. ૭૦ ટકા થી વધુ | ૧૦૦ ટકા |
| ૨. ૬૦ ટકા થી ૭૦ ટકા | ૯૫ ટકા |
| ૩. ૬૦ ટકા થી ઓછી | ૯૦ ટકા |

મહાનગરપાલિકાઓના કિસ્સામાં

| શિક્ષણ ઉપકરના કુલ માંગણાની જમા કરાવેલ વસુલાત. | મળવાપાત્ર શિક્ષણ ઉપકરની ગ્રાન્ટ. |
|---|---|
| ૧. ૭૦ ટકા થી વધુ થાય તો | ૮૫ ટકા |
| ૨. ૬૦ ટકા થી ૭૦ ટકા | ૮૦ ટકા |
| ૩. ૬૦ ટકા થી ઓછી થાય તો | ૭૫ ટકા. |

(૨) પ્રાથમિક શિક્ષણની જવાબદારી સંભાળતી ન હોય તેવી મહાનગર-પાલિકા કે નગરપાલિકાને શિક્ષણ ઉપકરની જમા કરાવેલ વસુલાત પેટે પાંચ ટકા વસુલાત ખર્ચ આપવાનું રહેશે.

(૩) જે વિસ્તારોમાં નગરપાલિકાઓ પ્રાથમિક શિક્ષણની જવાબદારી ન સંભાળતી હોય પરંતુ તેને બદલે જિલ્લા પંચાયતો સંભાળતી હોય તો તેવી જિલ્લા પંચાયતોને નગરપાલિકાઓએ જમા કરાવેલ શિક્ષણ ઉપકરની વસુલાતની રકમના ૬૫ ટકા અનુદાન આપવાનું રહેશે.

(૪) નગરપંચાયતોને શિક્ષણ ઉપકરની વસુલાતના પાંચ ટકા લેખે વસુલાત ખર્ચ આપવાનું રહેશે.

૨. શિક્ષણ ઉપકરની ગ્રાન્ટની રકમ નિયત કરેલ હેતુઓ માટે જ વપરાય તે માટે જિલ્લા પંચાયતો તથા મહાનગરપાલિકા/ નગરપાલિકાઓએ '' મ્યુનિસિપલ પ્રાયમરી એજ્યુકેશન ફંડ '' ના નામે જુદા જુદા સદરે હિસાબ રાખવાનો રહેશે અને તેમાંથી જે તે વિસ્તારમાં નિયત હેતુ માટે ખર્ચ કરવાનો રહેશે.

૩. <u>પ્રાથમિક શિક્ષણના ઓરડા માટેની ગ્રાન્ટ.</u>

સ્થાનિક સંસ્થાઓએ કરેલ ખર્ચના ૪૦ ટકા અને વધુમાં વધુ એક ઓરડા દીઠ રૂા. ૧૨,૦૦૦/- ની ગ્રાન્ટ સબંધિત સ્થાનિક સંસ્થાઓને ચૂકવવાની રહેશે. શિક્ષણ ઉપકરની વસુલાતમાંથી મળેલ ગ્રાન્ટનો જે તે સ્થાનિક સંસ્થા પુરેપુરો ઉપયોગ કરે ત્યાર પછી જ આ ગ્રાન્ટ ચૂકવવાની રહેશે. આ અંગેના જરૂરી હુકમો શિક્ષણ વિભાગ દ્વારા ઈલાયદા કરવાના રહેશે.

૪. શિક્ષણ ઉપકરના અનુદાનના નવા ધોરણો તા.૧/૧૦/૯૨ થી અમલમાં આવશે.

૫. આ ઠરાવ આ વિભાગની સમાનાંકી ફાઈલ પર નાણાં વિભાગની તારીખ ૧૮/૯/૯૨ અને નાણાકીય સલાહકારશ્રીની તા.૨૯/૯/૯૨ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(signature)
( લ.દી.જોષી )
ઉપ સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ.

પ્રતિ,
- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી.
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી.
- માનનીય મંત્રીશ્રી ( શ.વિ )ના અંગત સચિવશ્રી.
- બધા કલેકટરો ( ગાંધીનગર અને ડાંગ જિલ્લા સિવાય )
- નાણાં વિભાગ / શિક્ષણ વિભાગ / પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ./ મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- એ.જી.ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- એ.જી.ગુજરાત રાજ્ય ( ઓડીટ ) રાજકોટ
- એ.જી.( એકાઉન્ટસ એન્ડ એન્ટાઈટલમેન્ટસ ) ગુજરાત રાજ્ય, રાજકોટ
- એ.જી.( એકાઉન્ટસ એન્ડ એન્ટાઈટલમેન્ટસ ) ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- નગરપાલિકા નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- પ્રાદેશિક નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, રાજકોટ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, સિવિલ હોસ્પીટલ, અમદાવાદ
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, અમદાવાદ
- નિયામકશ્રી, માહિતી ખાતું, સચિવાલય, ગાંધીનગર તરફ, બહોળી પ્રસિધ્ધિ અર્થે
- સર્વે મહાનગરપાલિકાઓ
- સર્વે નગરપાલિકાઓ
- સર્વે નગરપંચાયતો
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીઓ,
- વિભાગની સર્વ શાખાઓ.
- નાણાકીય સલાહકારશ્રી, શ.વિ અને શ.ગૃ.નિ.વિભાગ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ,
- પ્રમુખશ્રી, ગુજરાત નગરપાલિકા પરિષદ, આણંદ, જિ.ખેડા.
- પસંદગી ફાઈલ.
- મદદનીશ પસંદગી ફાઈલ.

વોરા/૧૩/૧૦